૯૨

વડોદરા ખાતે "સંકલ્પભૂમિ સ્મારક" ખાતેના મ્યુઝિયમમાં ડૉ.બાબાસાહેબ આંબેડકરના જીવન-કવન તથા અન્ય બાબતો માટે તજજ્ઞ સમિતિની રચના કરવા બાબત.

ગુજરાત સરકાર
સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ
ઠરાવ ક્રમાંક:પરચ/૧૦૨૦૧૭/૨૭૪૨૧૩/હ(પાર્ટ-૧)
સચિવાલય, ગાંધીનગર.
તા.૧૨/૦૪/૨૦૨૨

વંચાણમાં લીધા:

(૧) વિભાગનો તા.૦૫/૦૧/૨૦૨૨ નો ઠરાવ ક્રમાંક:પરચ/૧૦૨૦૧૭/૨૭૪૨૧૩/હ(પાર્ટ-૧)

(૨) વિભાગનો તા.૨૯/03/૨૦૨૨ નો ઠરાવ ક્રમાંક:પરચ/૧૦૨૦૧૭/૨૭૪૨૧૩/હ(પાર્ટ-૨)

આમુખ:

"સંકલ્પભૂમિ સ્મારક" વડોદરા ખાતેના મ્યુઝિયમમાં ડૉ.બાબાસાહેબ આંબેડકરના જીવન-કવન તથા અન્ય બાબતો માટે વંચાણે લીધા ક્રમાંક-૧ થી તજજ્ઞ સમિતિની રચના કરવામાં આવેલ છે. ત્યારબાદ વંચાણે લીધા ક્રમાંક-૨ થી સદરહુ સમિતિમાં આંશિક ફેરફાર કરવાનું ઠરાવવામાં આવેલ છે. આ સમિતિમાં સમાવિષ્ટ બિનસરકારી સભ્યશ્રીઓને ટીએ/ડીએ આપવાની બાબત સરકારશ્રીની વિચારણા હેઠળ હતી.

ઠરાવ:

પુખ્ત વિચારણાને અંતે, આ સમિતિના બિનસરકારી સભ્યશ્રીઓને નાણાં વિભાગના તા.૧૬/૧૦/૨૦૧૪ ના ઠરાવ ક્રમાંક:MSB/102014/1125/CH થી નિયત કરવામાં આવેલ "સ્ટેટ લેવલ કમિટી" અંતર્ગત કરવામાં આવેલ જોગવાઈ મુજબ ટીએ/ડીએ ચૂકવવાનું આથી ઠરાવવામાં આવે છે.

સમિતિના બિનસરકારી સભ્યશ્રીઓને ટીએ/ડીએ આપવા અંગે થનાર ખર્ચ અંદાજપત્રના સદર માંગણી નંબર: ૯૫, મુખ્ય સદર: ૨૨૨૫-અનુસૂચિત જાતિઓ, અનુસૂચિત આદિજાતિઓ અને અન્ય પછાતવર્ગ અને લઘુમતીઓનું કલ્યાણ, પેટા મુખ્ય સદર: ૦૧- અનુસૂચિત જાતિઓનું કલ્યાણ, ગૌણ સદર: ૮૦૦- અન્ય ખર્ચ, પેટા સદર: (૧૦)-SCW-20 ડૉ.આંબેડકર ભવનનો નિભાવ અને વિકાસ ખાતે ઉધારવાનું રહેશે.

આ ઠરાવ આ વિભાગની સમાનાંકી ફાઇલ પર નાણાં વિભાગની તા.૦૧/૦૪/૨૦૨૨ની નોંધથી મળેલ મંજૂરી અન્વયે બહાર પાડવામાં આવે છે.

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

Chirag

(ચિરાગ પટેલ)

સેક્શન અધિકારી

સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ

<u>નકલ રવાના:-</u>

- માન.મંત્રીશ્રી(સા.ન્યા.)ના અંગત સચિવશ્રી, સ્વર્ણિમ સંકુલ-૧, સચિવાલય, ગાંધીનગર.
- માન.રા.ક.મંત્રીશ્રી(અ.જા.ક.)ના અંગત સચિવશ્રી, સ્વર્ણિમ સંકુલ-૨, સચિવાલય, ગાંધીનગર.
- નિયામકશ્રી, અનુસૂચિત જાતિ કલ્યાણ, ડૉ.જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર.
- સંયુક્ત નિયામકશ્રી, અનુસૂચિત જાતિ કલ્યાણ, ડૉ.જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર. (નિયામકશ્રી(અ.જા.ક.) મારફત)
- સંબંધિત જિલ્લા નાયબ નિયામકશ્રી (અ.જા.ક) (નિયામકશ્રી(અ.જા.ક.) મારફત)
- સમિતિના તમામ સભ્યશ્રીઓ (નિયામકશ્રી(અ.જા.ક.)મારફત)
- એકાઉન્ટ જનરલશ્રી, અમદાવાદ/રાજકોટ.
- પગાર અને હિસાબી અધિકારીશ્રી
- ડૉ.કિશોરભાઈ કરશનભાઇ મકવાણા, I-7, મધુરમ કોમ્લેક્ષ, પેટ્રોલ પંપ પાસે, જીવરાજ પાર્ક, અમદાવાદ-૩૮૦૦૫૧.
- પ્રો.ડૉ.મગનભાઈ પરમાર,ડીન, ઓએસડી ફેકલ્ટી ઓફ મેનેજમેન્ટ સ્ટડીઝ, સિન્ડીકેટ મેમ્બર, મહારાજ સયાજીરાવ યુનિવર્સિટી, વડોદરા.
- ડૉ.જીવરાજ કાનજીભાઇ ચૌહાણ, ૬-નયના સોસાયટી, બરોડા ડેરી સામે, બજરંગ સુપર સ્ટોરની પાછળ, મકરપુરા રોડ, વડોદરા-૩૯૦૦૦૯.
- શ્રી રોહિતકુમાર માધવભાઈ પટેલ, બી/૩, શિલ્પ બંગ્લોઝ, બ્રાઈટ સ્કૂલ પાસે, વાસણા-ભાયલી રોડ, વડોદરા-૩૯૧૪૧૦.
- બજેટ શાખા, સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
- સેક્શન અધિકારીશ્રી(કો.સેલ), સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ, સચિવાલય, ગાંધીનગર તરફ વિભાગની વેબસાઇટ પર મૂકવાની વિનંતીસહ
- સિલેકટ ફાઇલ-૨૦૨૨.